# ફતેપુરાના ગ્રામજનોએ બાયડ-દહેગામ રોડ ચક્કાજામ કર્યો

**કેટલાક લોકો એ જમીન પર કબજો કરી લેતા ન્યાયની માંગ કરી : મોટી સંખ્યામાં ગામજનો રસ્તા પર ઉતર્યા : બાયડ મામલતદાર સામે પણ આક્ષેપ જમીન માફિયાઓ સાથે મિલી ભગત કરી હોવાનો આક્ષેપ : લોકો રસ્તા પર ઉતર્યા ત્યારે મામલતદાર અન્ય પ્રોગ્રામમાં વ્યસ્ત : જમીન પર વાવેલા વૃક્ષો કાપવા માટે મામલતદારે આપ્યા આદેશ**

બાયડ, તા.૨૫

બાયડ તાલુકા ના ફતેપુરા ગામ ના લોકો દ્વારા દહેગામ રોડ ચક્કાજામ કરવામાં આવ્યો હતો ફતેપુરા ગામ માં આવેલી જમીન જ્યા સ્થાનિક લોકો વર્ષોથી ગાસચારો લાવતા હતા પરંતુ થોડા સમય અગાઉ આ જમીન પર કેટલાક લોકો એ કબ્જો કરી લેતા સ્થાનિકો ને આ જમીન પર જવાનો પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે બાયડ મામલતદાર ની મિલી ભગત થી જમીન પર કબજો જમાવ્યો હોવાના આક્ષેપ સાથે બાયડ દહેગામ હાઈવે ત્રણ કલાક સુધી ચક્કાજામ કરવામાં આવ્યો હતો. ત્યારે અરવલ્લી જિલ્લા પોલીસ ટીમો પણ સ્થળ ઉપર ખડકી દેવામાં આવી હતી જેને લઈ કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.પ્રાંત અધિકારીના સમજાવટ બાદ ગ્રામજનો એ જામ ખુલ્લો કર્યો હતો.

બાયડ મામલતદાર શું કહે છે : આ મામલે બાયડ મામલતદાર નો ટેલિફોન સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે મને આ વાતની કંઈ ખબર નથી અને હું પીએમ સાહેબ ના કાર્યક્રમમાં છું. અને આ જમીન ખાનગી માલિકીની છે તેવું જણાવ્યું હતું.

ગ્રામજનો દ્વારા રોડ ચક્કાજામ કરતા જિલ્લાની પોલીસ ખડકી દેવાય : ફતેપુરા ગ્રામજનો દ્વારા જમીન મામલે બાયડ દહેગામ રોડ ચક્કાજામ કરી દેતા દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લાની પોલીસ ખડકી દેવામાં આવી હતી.

જમીન માફિયાઓ સાથે મામલતદારની મીલીભગત ના ગ્રામજનોએ આક્ષેપો કર્યા : બાયડ તાલુકાના ફતેપુરા ગ્રામજનો દ્વારા ન્યાય માટે રોડ ચક્કાજામ કર્યુ હતું. જેમાં ગ્રામજનોએ બાયડ મામલતદાર સામે પણ જમીન માફિયાઓ સામે મિલીભગતના આક્ષેપો કર્યા હતા.

જંગલ કટિંગના આદેશ કોણે આપ્યા : ફતેપુરા ગામમાં આવેલી જંગલ ની જમીનમાં વર્ષોથી સ્થાનિકો ઘાસ તેમજ લાકડા લાવતા હતા સ્થાનિકો ના વડવાઓ એ જંગલ માં વાવેલા વૃક્ષો ની નિકંદન કાઢવા માં આવી રહ્યું છે ત્યારે જંગલ કટીંગ ના આદેશો આપ્યા કોણે તેના પર અનેક પ્રશ્નોઉભા થઈ રહયા છે. સમગ્ર પ્રકરણમાં ન્યાયિક તપાસ કરવામાં આવી તેવી માગણી ઉઠવા પામી હતી.





## ડીસામાં ભાજપ દ્વારા સુશાસન દિવસની ઉજવણી

ડીસામાં ભાજપ દ્વારા સુશાશન દિનની ઉજવણી નિમિતે સમસેરપુરા ખાતે કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો હતો. ૨૫ ડિસેમ્બરે પૂર્વ પ્રધાનમંત્રી બાજપાઈજીના જન્મદિવસ નિમિતે સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સુશાશન દિવસની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગ રૂપે ગુજરાત સરકારનો છાંયડો યોજના અંતર્ગત રાજ્યમાં ૧૬,૫૦૦ છત્રીઓનુ વિનામુલ્યે વિતરણ, દેસી ગાય આધારીત સંપુર્ણ પ્રાકૃતિક ખેતીમાં ગાયના નિભાવ ખર્ચ માટે ૧,૦૫,૦૦૦ ખેડૂત લાભાર્થીઓને કુલ રુપિયા ૪૮.૦૯ કરોડની સહાયનું વિતરણ, કિસાન પરિવહન યોજનામાં ૧,૦૦૦ ખેડૂત લાભાર્થીઓને રુપિયા ૫ કરોડ ની મીડીયમ સાઈઝ ગુડ્ઝ કેરેઝ વાહન સહાય, સર્વગ્રાહી કૃષી વ્યવસાય નીતિ યોજના અંતર્ગત ૨૫૦ જેટલાં લાભાર્થીઓને કુલ રુપિયા ૪૬ કરોડની સબસિડીનું વિતરણ, પ્રાકૃતિક કૃષી પદ્ધતિ દ્વારા જીવામ્રુત બનાવવા ૧૨,૪૦૦ ખેડૂત લાભાર્થીઓ ને પ્રાકૃતિક કૃષી કીટ સહાય વિતરણ, પ્રધાનમંત્રી સન્માન નીધી યોજના હેઠળ ગુજરાત ના ૫૧ લાખ ખેડુતોને રુપિયા ૧૦૨૭ કરોડની સહાયનું વિતરણના કાર્યક્રમો ગુજરાત ના ૨૪૮ તાલુકાઓમા સામુહિક રીતે થયા. જેમાં ડીસા તાલુકાનો કાર્યક્રમ વિનાયક કોલ્ડ સ્ટોરેજ સમશેરપુરા ખાતે યોજવામાં આવ્યો.

# અરવલ્લી ખાતે સુશાસન દિન નિમિત્તે કૃષિ કલ્યાણ કાર્યક્રમ યોજાયો

**અરવલ્લી જિલ્લામાં સુશાસન દિવસ ઉજવણી અંતર્ગત ૧૧૪૫ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ સહાય તેમજ ૧.૫૦ લાખ ખેડૂતોના ખાતામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ સહાયની રકમ જમા કરાઇ**

ભિલોડા,તા.૨૫

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપાઈના જન્મ દિવસ અવસરે સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે જિલ્લા પ્રભારી અને રાજ્ય આદિજાતિ-વનમંત્રી રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં કૃષિ કલ્યાણ કાર્યક્રમ યોજાયો હતો.

ભિલોડાની એન.આર હાઈસ્કૂલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આદિજાતિ રાજ્યમંત્રી રમણભાઈ પાટકરે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યતમંત્રી વિજયભાઈ રૂપાણીએ સાત પગલાં ખેડૂત કલ્યોણના હેઠળ સાત જેટલી ખેડૂતલક્ષી યોજનાઓ અમલી બનાવી ધરતીપુત્રોના આર્થિક ઉત્થાતનને નવી દિશા આપી છે. જેના થકી કિસાનોની આવક બમણી થશે વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, આજનો ખેડૂત ઝીરો બજેટથી પ્રાકૃતિક ખેતી કરી ઓર્ગેનીક ખેત પેદાશોનું ઉત્પાોદન કરી શકે તે માટે કૃષિ કીટ, ખેડૂત પોતાનું ખેત ઉત્પારદન સરળતાથી વેચાણ કરી શકે તે માટે વાહન ખરીદી માટે લૉન સહાય, પાક સંગ્રહ માટે ગોડાઉન બનાવવા માટે સહાય સહતિ અનેક યોજનાઓ હેઠળ આ સરકાર ખેડૂતોને મદદરૂપ બની રહી છે. દેશી ગાય નિભાવ માટે પશુપાલકોને સહાય આપવામાં આવે છે. લાભાર્થીઓને પૂરેપૂરી મળે તે હેતુસર દરેક યોજનાઓની સહાય સીધી ખાતામાં જમા કરવામાં આવતા વચેટીયા નાબૂદ થઈ ગયા છે.



અરવલ્લી જિલ્લામાં સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે તમામ તાલુકા મથકોએ યોજાયેલા કિસાન કલ્યાનણ કાર્યક્રમોમાં કૃષિ વિભાગની આત્મા પ્રોજેકટના ૬૦૦, બાગાયતના ૨૦૦ તથા ખેતીવાડીના ૧૧૫ ઉપરાંત સમાજકલ્યાણ વિભાગની આર્થિક ઉત્કર્ષના ૧૬૮ તેમજ જિલ્લા ઉધ્યોસગ કેન્દ્રની વિવિધ યોજનાઓના ૧૬૮ મળી કુલ ૧૧૪૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ માન. પ્રધાનમંત્રી દ્વારા આજે અરવલ્લી જિલ્લાના ૧.૫૦ લાખ ખેડૂતોના બેંક એકાઉન્ટિમાં સહાયની રકમ જમા કરવામાં આવી હતી.



## પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સ્વ. અટલ બિહારી બાજપાઈની જન્મ જયંતિની ઉજવણી કરાઈ

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નગરપાલિકા ખાતે દેશના પૂર્વ વડાપ્રધાન ભારત રત્ન સ્વ.અટલબિહારી બાજપાઈ ની જન્મ જયંતિ ને લઈને શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવી હતી.

પ્રાંતિજ નગરપાલિકા ખાતે દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ.અટલબિહારી બાજપાઈની જન્મ જયંતિને લઈને પ્રાંતિજ પાલિકા દ્વારા શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવી હતી જેમાં નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ, જિલ્લા કારોબારી સભ્ય વર્ષાબેન સથવારા, શહેર ભાજપ આગેવાનો તથા ભાજપ કાર્યકરો તથા નગરપાલિકાના કોર્પોરેટરો ઉપસ્થિત રહીને ભારત ના પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી બાજપાઈની જન્મ જયંતિ પ્રસંગે પુષ્પાંજલિ અર્પી શ્રધ્ધા સુમન અર્પણ કરી.



## ખેડબ્રહ્મા ખાતે સુશાંસન દિવસની ઉજવણી નિમિત્તે કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૫

ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વાર ભારતના ભુતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈના જન્મ દિવસ ૨૫ ડિસેમ્બરને સુશાશન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગ રૂપે ખેડૂત તાલીમ કેન્દ્ર ખેડબ્રહ્મા ખાતે સુશાશન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે સંસદ દીપસિંહ સોલંકી, જસુભાઈ પટેલ એપીએમસી ચેરમેન, જેજે પટેલ કાર્યપાલક ઈજનેર, બ્રિજેશ પટેલ સાબર ડેરી ડિરેક્ટર, સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. લાભાર્થી ખેડૂતોને સાધન સામગ્રી અને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું.

## બનાસકાંઠાના વતની અને એડિશનલ કલેકટર સંજય જોષીને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરાઈ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના સરદાર પટેલ એકતા ટ્રસ્ટના ચીફ મેનેજર અને એડિશનલ કલેકટર શ્રી સંજય જોષીને સરદાર વલ્લભભાઈ પટેલના ભાષણોમાં વ્યક્ત થતી સામાજિક નિસ્બત અને વર્તમાનમાં તેની પ્રસ્તુતતા વિષય ઉપર સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગર દ્વારા સમાજશાસ્ત્ર વિભાગના ડૉ. ઈલાબેન મેકવાનના માર્ગદર્શન હેઠળ પી.એચ. ડી. ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે.

સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ઉપર સ્ટેચ્યુ ઓફ યુનિટી હેઠળ બનેલ એક્ઝિબિશનમાં પ્રગટ કરવામાં આવેલ વિષય વસ્તુઓ એકઠી કરવા માટે શ્રી સંજય જોષીએ ભારતભરમાં પ્રવાસ કર્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્ય સંબંધિત ફિલ્મો ઓડિયો સ્પીચીસ, ઐતિહાસિક દસ્તાવેજો, વિવિધ ડિપાર્ટમેન્ટની ફાઈલો, તેમના ફોટોગ્રાફ્સ, પુસ્તકો તત્કાલીન ન્યૂઝ પેપર કટિંગ્સ વગેરે એકઠા કરવામાં



આવ્યા હતા. જોકે આ સમગ્ર કામગીરી માં જે તે સમયના સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ ના ચેરમેન માનનીય શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને ત્યારબાદ માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી અને ઈતિહાસમાં વિશેષ રૂચિ ધરાવનાર તથા સ્ટેચ્યુ સાથે સંકળાયેલ આઈએએસ અધિકારીઓ નું સતત પ્રોત્સાહન આ શોધ નિબંધ માટે પ્રેરક રહ્યું છે . શ્રી સંજય જોષી આ ઐતિહાસિક વિષય ઉપરાંત એન્જિનિયરીંગ, કાયદો, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સોશિયોલોજીમાં ડિગ્રીઓ ધરાવે છે.

હાલમાં ગાંધીનગર ખાતે સ્પોર્ટસ યુનિવર્સિટીમાં સેવા આપી રહેલા એડિશનલ કલેકટર શ્રી સંજય જોષી બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના સીસરાણા ગામના વતની છે તથા દાંતા તાલુકાના નવાવાસ ભેમાળની હાઈસ્કુલના પ્રિન્સિપાલ રહી ચૂકેલા શ્રી જયંતિલાલ જોષીના સુપુત્ર છે. શ્રી સંજય જોષી નવી દિલ્હી ખાતે યુનાઈટેડ નેશન્સમાં પણ કામ કરી ચૂક્યા છે. આમ તેમણે વિવિધ ક્ષેત્રોમાં સેવા આપી સમગ્ર રાજય અને દેશમાં બનાસકાંઠા જિલ્લાનું નામ રોશન કર્યુ છે.

## ખેડા જિલ્લા ભાજપના ૨૦ મંડળના શક્તિ કેન્દ્ર ઈન્ચાર્જશ્રીઓનું સંમેલન સંપન્ન

નડીઆદ તા.

ખેડા જીલ્લા ભાજપના કાર્યાલય નડીઆદ કમલમ? ખાતે આજે જીલ્લાના ૨૦ શક્તિ મંડળોના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જોનું સંમેલન યોજાયુ હતું. આ પ્રસંગે પૂર્વ વડાપ્રધાન સ્વ.-અટલબિહારી વાજપેઇનો જન્મ દિવસ હોઇ સુશાસન દિન નિમિતે તેઓને સૌએ પુષ્પાંજલી અર્પણ કરીને તેઓના સ્વપ્નોને સાકાર કરવા માટે સૌ સંકલ્પ બધ્ધ થયા હતા.



આ પ્રસંગે જીલ્લા ભાજપના પ્રમુખ અર્જુનસિંહ ચૌહાણ, વિધાનસભાના મુખ્યદંડક પંકજભાઇ દેસાઇ, જીલ્લાના મહામંત્રીઓ વિપુલભાઇ પટેલ, વિકાસભાઇ શાહ, નટુભાઇ સોઢા સહિત ભાજપના સૌ હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જીલ્લા ભાજપના પ્રમુખ અર્જુનસિંહ ચૌહાણ, વિધાનસભાના મુખ્યદંડક પંકજભાઇ દેસાઇએ આગામી સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં ભવ્ય સફળતા મેળવવા માટે સૌને કટીબધ્ધ થવા માટે હાકલ કરી હતી. સંમેલનમાં નગરપાલિકા સહીત સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં નિમાયેલા શહેરી અને ગ્રામિણ વિસ્તારના ઈન્ચાર્જ, સહ ઈન્ચાર્જ, શક્તિકેન્દ્રોના ઈન્ચાર્જ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સ્વ.વડાપ્રધાન અટલજીના સુશાસનની મુક્ત કંઠે પ્રસંશા કરીને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લક્ષને સાકાર કરવા માટે કટિબધ્ધ થયા હતા.

# બાયડ પગિયાના મુવાડામાં પોલીસે ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરી ટોળામાંથી યુવકને બચાવ્યો

બાયડ, તા. ૨૫

પ્રેમ પ્રકરણમાં યુવક-યુવતીને તાલિબાની સજા આપવાના કિસ્સાઓ રાજ્યમાં વધી રહ્યા છે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના પગીયાના મુવાડા ગામે ગામના જ યુવક સાથે ગુમ થયા પછી બીજા દિવસે સવારે ઘર નજીક કુવામાંથી યુવતીની લાશ મળી આવતા પરિવારજનો ઉશ્કેરાઈ ગયા હતા અને ગામના જ પ્રેમી યુવકને ઉઠાવી લાવી યુવતીના ઘર નજીક થાંભલા પાસે દોરડાથી બાંધી પરિવારજનો અને ટોળાએ ઘેરી લઈ તાલિબાની સજા આપતા હોય તેમ યુવકને ઢોર માર મારવાનું શરુ કરતા યુવકના પરિવારજનોએ સાઠંબા પોલીસને જાણ કરતા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હતી ટોળાએ પોલીસને પણ બાનમાં લેવાનો પ્રયત્ન કરતા બેકાબુ બનતી સ્થિતીના પગલે જીલ્લા પોલીસવડાને જાણ કરતા ડીવાયએસપી ભરત બસીયા સહીત જીલ્લા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો ટોળાએ યુવકને ન છોડતા આખરે પોલીસે હવામાં ત્રણ રાઉન્ડ ગોળીબાર કરી ટોળાને વિખેરી નાખ્યું હતું ગંભીર ઈજાગ્રસ્ત યુવકને ડીવાયએસપી બસીયા તેમની ગાડીમાં વાત્રક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડ્યો હતો યુવકની સ્થિતી ગંભીર હોવાની માહીતી પ્રાપ્ત થઇ હતી પોલીસે યુવકને તાલીબાની સજા આપનાર શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પેગીયાના મુવાડા ગામની ૨૦ વર્ષીય યુવતીને ગામના જ તળાવના મુવાડાના સાવન કરસનભાઈ સોલંકી સાથે આંખ મળી જતા પ્રેમ સબંધ બંધાયો હતો યુવતીના પરિવારજનોને પ્રેમ સંબંધની જાણ થતા યુવતિની સગાઈ અન્ય સ્થળે કરી લગ્ન લેવા તજવીજ હાથધરી હતી ત્યારે ગુરુવારે રાત્રે યુવતી ઘરે થી ગુમ થતા પરિવારજનોએ ભારે શોધખોળ હાથધરી હતી પરંતુ યુવતીનો અત્તો પત્તો ન લાગતા યુવતીના પરિવારજનો તેના પ્રેમીને ઘરેથી ઉઠાવી લઈ યુવતીના ઘર નજીક થાંભલે બાંધી દીધો હતો અને યુવકે રાત્રે યુવતી તેની સાથે હોવાનું અને મોડી રાત્રે ઘર નજીક છોડી દીધું હોવાનું જણાવતા પરિવારજનો અને ટોળાએ યુવતીની શોધખોળ કરતા ઘર નજીક અવાવરું કુવામાંથી યુવતીનો મૃતદેહ મળી આવતા પરિવારજનો અને ટોળુ ઉશ્કેરાયું હતું અને યુવકને તાલિબાની સજા આપતા હોય તેમ યુવતીના પરિવારજનો અને લોકોએ ઢોર માર મારવાનું શરૂ કરતા યુવકના પરિવારજનોએ સાઠંબા પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર સ્થિતી અંગે જીલ્લા પોલીસવડાને ઘટનાની જાણ કરતા યુવકને બચાવવા જીલ્લા પોલીસ કાફલો મોકલી આપ્યો હતો યુવતીના પરિવારજનો અને ટોળાને સમજવાનો પ્રયત્ન કરવા છતાં ટસના મસના થતા આખરે પોલીસે હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી ટોળાને વિખેરી નાખી ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડાયો હતો હાલ યુવક જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. સમગ્ર ઘટનાના પગલે પોલીસે યુવકના પરિવારજનોની ફરિયાદ લેવાની તજવીજ હાથધરી ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.



## પ્રાંતિજ વોર્ડ નંબર-૬ના સભ્યો દ્વારા સ્વ. અટલ બિહારી બાજપાઈની જન્મ જયંતિ પ્રસંગે શ્રધ્ધા સુમન અર્પણ કરાયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વોર્ડ નં -૬ના કોર્પોરેટરો દ્વારા પોતાના વોર્ડમાં ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ. અટલબિહારી બાજપાઈની જન્મ જયંતિ પ્રસંગે શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવી હતી. ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન લોક લાડીલા સ્વર્ગસ્થ અટલબિહારી બાજપાઈની જન્મ જયંતિ પ્રસંગે તેમની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવી હતી. પ્રાંતિજ નગરપાલિકાના વોર્ડના તમામ કોર્પોરેટરો સહિત વોર્ડના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. નગર પાલિકાના પ્રમુખ અરવિંદભાઈ પરમાર, મહેબુબભાઈ બલોચ, મહેશભાઈ, લલ્લુભાઈ દેસાઈ, કમલેશભાઈ સહિત ઉપસ્થિત રહીને શ્રધ્ધા સુમન અર્પી હતી.